આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ મકર

આજના ગ્રહોની કુંડળી



આજે ચંદ્રની સુંદર યુતિ, મકર રાશિમાં કાલસર્પયોગ અને ચાંડાલ યોગ ચાલુ છે, જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ સંતાનો પ્રશ્નો ઊભા કરશે. પિતા તરફથી લાભ - વડીલ મિત્રો, સંબંધીઓ દ્વારા પૂરતુ માર્ગદર્શન અને મદદ મળશે. લોકહિતના કાર્યો કરતો તેમાં સફળતા-પ્રસિદ્ધિ મળશે.

વૃષભ સાતમે શનિ-મંગળની યુતિ પત્ની સાથે અણબનાવ ઊભો કરે, ભાગ્યમાં ચંદ્ર-શુક્રની યુતિથી આપને માટે આજે સુંદર ભાગ્યયોગ સર્જાયો છે. પાયો નંખાયો છે, મોટો લાભ થશે.

મિથુન આઠમે ચંદ્ર-શુક્રની યુતિ ફેશન-કલા-પત્નીની ઈચ્છા પૂર્તિઓ પાછળ ખર્ચા કરાવે જે નિવારી શકાય તેમ નથી. બને તેટલી ભક્તિ કરવી, ધીરજ રાખવી, ઈશ્વર સ્મરણ કરવું.

કર્ક સાતમે ચંદ્ર-શુક્રની યુતિ આપને લોકભાગીદારીવાળા અને કલાના ક્ષેત્રમાં તેમજ રાજકારણમાં અનન્ય લાભ અપાવે તેમ છે. મોટો ફાયદો થશે.

સિંહ આપની રાશિમાં ચાંડાલયોગ આપને કયારેક કયારેક ક્રૂરતા ભર્યા વિચારો આવે માટે અહિંસામાં રાચશો એટલો ફાયદો થશે નહીં તો કોર્ટ કચેરીના ધક્કા ખાવા પડશે.

કન્યા બારમે ચાંડાલા યોગનું થતું નુકશાન પાંચમે શુક્ર-ચંદ્રની યુતિ ભરમાઈ કરી દેશે તેવો યોગ છે. છટ્ઠે બુદ્ધ તમોને ફાયદો કરાવી શકે છે. શત્રુ-રોગોનો નાશ થાય તેવા યોગ છે.

તુલા ચોથે ચંદ્ર શુક્રની યુતિ માતાપિતા તરફથી વારસો તથા આર્થિક લાભ મળે તેવા યોગોનું સર્જન કરે છે. બીજે સ્વૂહી મંગળ પણ ધનનો લાભ કરાવે તેવો યોગ છે.

વૃશ્ચિક ત્રીજે ચંદ્ર શુક્રની યુતિ ભાગ્યને જોતી હોવાથી પ્રબળ ભાગ્યોગ થાય છે. રાશિપતિ રાશિમાં તેમજ સુંદરકારક ગ્રહ છે. તમો તમારા વર્તુળના આગેવાન થઈને ચાલશો, ફાવશો.

ધન બીજે ચંદ્ર શુક્રની યુતિ ધન ભુવનમાં અતિ ઉત્તમ છે. સમુદ્રમાંથી ઉત્પન્ન થતી ચીજ વસ્તુઓથી આપનો ધનનો લાભ થવા સંભવ છે. દિવસ ફાયદાકારક છે.

મકર આપની રાશિમાં ચંદ્ર-શુક્રની સુંદર યુતિ જો આપ કલાના ક્ષેત્રના વ્યવસાયમાં હો તો આપને અનન્ય લાભ અપાવે તેમ છે. સુંદર યોગ છે. અણધાર્યો લાભ અપાવે તેમ છે.

કુંભ કાલસર્પ યોગના કારણે આપના કાર્યો સફળતાને અંતે અટકી જાય છે જેથી આપ નિરાશ થઈ જાઓ છો. બારમે ચંદ્ર - શુક્રની યુતિ પત્ની પાછળ ખર્ચા કરાવે. ટેન્શન ઊભું કરાવે.

મીન બારમે સુર્ય બુધ-કેતુ ખોટા ખર્ચા ખૂબ કરાવે પરંતુ અગિયારમે શુક્ર-ચંદ્રની યુતિ સામે આવક પણ વધારે એમ છે. અણધાર્યો લાભ અપાવે તેમ છે. આખો દિવસ મીશ્ર ફળમાં જાય.

ગાંધીનગર જિલ્લાના ખેડૂતો જોગ.....

ગાંધીનગર, તા. ૫

બાગાયત ખાતા દ્વારા નાંણાકીય વર્ષ- ૨૦૧૬-૧૭માં ગુજરાત હોર્ટીકલ્ચર મિશન તેમજ રાષ્ટ્રીય કૃષિ વિકાસ અંતર્ગત વિવિધ સહાયલક્ષી યોજનાઓના લાભ આપવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લાના જે ખેડૂતો સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા ઈચ્છતા હોય તેમણે (web site : www.ikhedut.gujarat.gov.in http://www.ikhedut.gujarat.gov.in)માં ઓન લાઈન અરજી કરવાની રહેશે, તેવું નાયબ બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરે યાદીમાં જણાવ્યું છે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું છે કે, બાગાયતદાર ખેડૂતો તા. ૧થી ૩૧ માર્ચ, ૨૦૧૬ સુધી સંબંધિત યોજનાની ઓનલાઈન અરજી પણ જે તે ગ્રામ્ય કક્ષાએથી ઈન્ટરનેટના માધ્યમથી કરી શકાશે. અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ મેળવી જરૂરી સાધનિક કાગળો સાથે અરજી સમયસર નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સહયોગ સંકુલ, પાંચમો માળ, સી-બ્લોક, સેકટર-૧૧ ખાતે રજૂ કરવાની રહેશે. આ માટે સરકારશ્રી દ્વારા સમય મર્યાદા નક્કી કરેલ છે. જેની વિગતો ઉપરોક્ત પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે. જેની સર્વે ખેડૂતોને નોંધ લેવી. આ અંગેની વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના ફોન નંબર ૦૭૯-૨૩૨૫૭૭૬૦ પર સંપર્ક કરવા પણ યાદીમાં જણાવ્યું છે.

જિલ્લાના ઉદ્યોગ સાહસિકોની લોન-સહાયની

૫૦ ટકા અરજીઓ ઉદ્યોગ કેન્દ્ર અને બેંકોમાં અટવાઈ ગઈ !

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા કેન્દ્રમાં લોન સહાય માટે ૪૦ ટકાથી વધુ અરજીઓ પ્રાથમિક તબક્કામાં જ નામંજૂર કરાતાં તેમજ ૩૦ ટકાથી વધુ અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ભલામણ પછી પણ બેંક કક્ષાએ નામંજૂર થતાં ઉદ્યોગ જગતમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યું છે. મળતી વિગતો પ્રમાણે ૩૦-૬-૧૫ની સ્થિતિએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાય મેળવવા માટે ૧૩,૦૧૪ અરજદારોએ અરજી કરી હતી.

આ અરજદારો પૈકી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ ૭૩૫૧ અરજદારોની અરજીઓની ભલામણ બેંકને લોન સહાય માટે મોકલી હતી. આમ ૫૬૬૩ અરજીઓ નિકાલ થયા વિનાની પડતર રહી છે.

આટલી મોટી સંખ્યામાં અરજીઓ પડતર રહેવા પાછળના કારણો જે જણાયા છે તેમાં અરજદારની અરજીની વિગતો અધુરી હોવાથી, અરજી ફોર્મમાં દર્શાવ્યા મુજબના સાધનિક કાગળો અધુરા હોવાથી, અરજી બે નકલમાં મૂળ સહિ સાથે આપેલ ન હોવાથી, અરજી સાથે ટીન નંબર વાળા ભાવપત્રકો ન હોવાથી ઉપરાંત અરજદાર અરજી સાથે બિડેલ આધારોની ચકાસણી અર્થે ઓરીજનલ કોપી રૂબરૂ મુલાકાત સમયે લાવેલ ન હોવાથી તે પડતર રહી છે.

રાજયમાં વિવિધ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોની તુલનામાં પડતર અરજીઓની સંખ્યા ગાંધીનગરમાં વધુ હોવાનું પણ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા ઉદ્યોગે કન્દ્ર દ્વારા પાંચ વર્ષમાં ૭૩૫૧ અરજીઓની ભલામણ કરી બેંકોને મોકલવામાં આવી હતી. આ પૈકી બેંકોની ચકાસણીને અંતે માત્ર ૪૭૪૧ અરજદારોની અરજી બેંકોએ ગ્રાહ્ય રાખી અને સહાય પેટે રૂ. ૪૪૩.૪૫ લાખની ચુકવણી કરી છે.

આમ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને બેંક કક્ષાએથી જ અરજીઓ પડતર રહેવાની અથવા લોન સહાય નહિ ચુકવવાના નકારાત્મક અભિગમમાં તાકીદે બદલાવ આવે તે જરૂરી હોવાનું ઉદ્યોગ સાહસિકોની લાગણી છે.

૫૦ ટકાથી પણ વધુ અરજીઓ આ બે તબક્કામાં જ ખોટકાઈ જવા પામી છે. તેથી સિંગલ વિન્ડો સિસ્ટમની વ્યવસ્થાને પણ સુદૃઢ બનાવવા પર ભાર મુકાય તેમ ઉદ્યોગ સાહસિકો ઈચ્છી રહ્યા છે.

જિલ્લામાં અરજદારોને અરજી માટે સારૂ, સચોટ માર્ગદર્શન મળે એટલુ જ નહિ પણ દસ્તાવેજો કયા પ્રકારના સામેલ કરવાના છે કેટલા સમયમાં કરવાના છે તે સહિતનું માર્ગદર્શન અપાય તો આટલી મોટી સંખ્યામાં અરજીઓ પડતર રહે નહિ તેમ ઉદ્યોગ સાહસિકોનું માનવુ છે.

યુનિવર્સિટી સેનેટ ચૂંટણી માટે એબીવીપી અને એનએસયુઆઈ દ્વારા ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા.

કૃષિના ભોગે ઉદ્યોગોને લ્હાણી

રાજયમાં વિજળીની ફાળવણીમાં પક્ષપાતનો કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં ખેતીના ભોગે ઉદ્યોગોને લાલ જાજમ બિછાવવાની શરૂ થયેલી પ્રથામાં આનંદીબહેનની સરકારે તો રેકોર્ડ તોડી નાંખ્યો છે. પ્રિતિપાત્ર ઉદ્યોગો પર વરસી પડેલી ભાજપની સરકારે ખેડૂતો અને ખેતીની ઘોર ખોદી હોવાનો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવકતા શ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં કોંગ્રેસ પક્ષ ઉદ્યોગો અને ખેતીને સરખું પ્રાધાન્ય આપતા હતા અને તે સિસ્ટમ જ ગુજરાત માટે સંતુલિત નિતી હતી પરંતુ આજે કૃષિને ભોગે ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો છે જે કૃષિપ્રધાન ગુજરાતને બહું મોટું નુકશાન થઈ રહ્યું છે.

ગુજરાત સરકારના વીજ નિગમના સત્તાવાર આંકડા આપતાં શ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, ૨૦૧૫ ના વર્ષમાં ઉદ્યોગોને ૩૩૮૯૨ મિલિયન યુનિટની વીજળી આપવામાં આવી છે જ્યારે કૃષિમાં માત્ર ૧૬૪૫૦ મિલિયન યુનિટ વીજળી અપાઈ છે. ઉદ્યોગોને અપાયેલી વીજળીનો આ સૌથી મોટો આંકડો છે. કોંગ્રેસનું શાસન હતું ત્યારે એટલે કે ૧૯૯૪ માં ઉદ્યોગોને ૮૮૨૨ મિલિયન યુનિટ વીજળી અપાતી હતી જ્યારે કૃષિને ૮૬૬૬ મિલિયન યુનિટ વીજળી મળતી હતી. એટલે કે સમાન પરિસ્થિતિ હતી.

શ્રી નિશિત વ્યાસે વધુમાં જણાવ્યું હતુ કે, ભાજપની નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા પછી ૨૦૦૫માં ઉદ્યોગોને વીજળી આપવાનું પ્રમાણ ૧૨૩૪૦ મિલિયન યુનિટ કરી દેવામાં આવ્યું અને કૃષિ માટે ૯૯૫૮ મિલિયન યુનિટ વીજળી આપવામાં આવી પરિણામે કૃષિની હાલત ખરાબ થતી ગઈ અને આના કારણે કિસાનોને અન્ય કોઈ માર્ગ ન રહેતા આત્મહત્યા જેવા ગંભીર પગલાં ભરવાની ફરજ પડી રહી છે. વીજળીની તંગીના કારણે ગુજરાતના કિસાનોના ઉભા પાક બળી જતાં કિસાનો દુખી અને પાયમાલ થી રહ્યાં છે. ૨૦૧૪ ના આંકડા જોઈએ તો ભાજપની સરકારે ઉદ્યોગોને ૨૯૩૧૦ મિલિયન યુનિટ વીજળી આપી છે જેની સામે કૃષિને માત્ર ૧૫૦૬૫ મિલિયન યુનિટ વીજળી મળી છે એટલે કે કૃષિ વીજળી કરતાં બમણી વીજળી ઉદ્યોગોને મળી રહી છે. મોદીએ જ્યારે ગુજરાતની સત્તા છોડી ત્યારે આ હાલત હતી પરંતુ કૃષિ માટે તેથીય બદતર હાલત અત્યારે થઈ રહી છે.

સાકરિયા ગામે એક જ રાત્રીમાં ૧૦ મકાન-દુકાનના તાળા તૂટ્યા

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં તસ્કરરાજ પ્રવર્તી રહ્યુ છે. જિલ્લા પોલીસતંત્ર અને મોડાસા રૂરલ પોલીસતંત્રની નબળી કામગીરીથી પ્રજાજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે. નવા આવેલા જિલ્લા પોલીસ વડાના રાજમાં રાત્રીના સમયે ચોરી, લૂંટફાટ, ઘરફોડીયાઓ બેફામ બન્યા છે. ટ્રક ચાલકોને બંધક બનાવી લૂંટ ચલાવાની ઘટના હોય કે શહેરોમાં કે ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કર ગેંગ જિલ્લા પોલીસતંત્રને પડકાર ફેંકતી હોય તેમ જિલ્લાને ઘમરોળી નાખ્યો છે. ચોર-લુંટારૂ ગેંગ બિન્દાસ્ત ચોરી-લૂંટની ઘટનાને અંજામ આપી હવામાં ઓગળી જતા હોય તેમ પોલીસ પકડથી દૂર છે. મોડાસા તાલુકાના સાકરીયા ગામે શુક્રવારે રાત્રીના સમયે દસ મકાન અને દુકાનોના તાળા તોડી લુંટારૂઓ ૬૦ હજાર રૂપિયાની રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આટલી મોટી ચોરીની ઘટના હોવા છતાં મોડાસા રૂરલ પોલીસ અજાણ હોવાનું રટણ ચાલુ રાખતા ગ્રામજનોમાં રોષ ફેલાયો છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસા શહેરથી ૫ કિમી દૂર શામળાજી-ગોધરા રાજય ધોરીમાર્ગ પર આવેલા સાકરીયા ગામે શુક્રવારે રાત્રીના સમયે તસ્કરગેંગે સાકરીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળનું તાળુ તોડી તીજોરી તેમજ સાબરદાણ અને અમૂલ ઘીની થેલીઓ વેર વિખેર કરી તીજોરીમાંથી ૩૦૦ રૂપિયા રોકડા તેમજ વાળંદની દુકાનનુ શટર તોડ્યુ હતુ. સાકરીયા ગામના એક બ્યુટીપાર્લર ચલાવતી મહિલાની તીજોરી તોડી ૫ હજાર રોકડ તેમજ ટ્યુશન ક્લાસ ચલાવતી વિધવા મહિલાને ઘરને નિસાન બનાવી તીજોરી તોડી ટ્યુશન ફીના બાળકોએ આપેલા ૧૦ હજાર રોકડાની લૂંટ ચલાવી હતી.

ભાજપના નેતા ઓમ માથુર ૮મીથી ગુજરાત પ્રવાસે

અમદાવાદ,તા. ૫

ભાજપના વરિષ્ઠ નેતા અને ઉપપ્રમુખ ઓમ માથુર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન અમદાવાદ શહેર જિલ્લા, ખેડા, આણંદ, ભરુચ, નર્મદા, સુરત શહેર, જિલ્લા સંગઠન સાથે બેઠકો યોજીને જુદી જુદી રૂપરેખા તૈયાર કરશે. તેમની ગુજરાત યાત્રા આઠમી માર્ચથી શરૂ થઈ રહી છે જે ૧૦મી માર્ચ સુધી રહેશે. ભાજપના પ્રદેશ પ્રવકતા આઈ કે જાડેજાએ આજે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગુજરાતના પૂર્વ પ્રભારી ઓમજી માથુર આગામી તા. ૦૮ માર્ચ થી ૧૦ માર્ચ દરમ્યાન ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ ત્રણ દિવસ દરમ્યાન તેઓ વિવિધ જિલ્લા મહાનગરના સંગઠનના અને ચૂંટાયેલા પ્રતિનિધિ સાથે બેઠક યોજશે. ઓમ માથુરના કાર્યક્રમની વિગતવાર માહિતી આપતા જાડેજાએ જણાવ્યું હતું કે, તા.૦૮ માર્ચને મંગળવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અમદાવાદ શહેર જીલ્લા જીલ્લા મહાનગર સાથે સંયુક્ત બેઠક યોજાશે. તા.૦૯ માર્ચને બુધવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ખેડા અને આણંદ જીલ્લાના આગેવાનો સાથે જ્યારે સાંજે ૦૪.૩૦ કલાકે વડોદરા શહેર જીલ્લાના આગેવાનો સાથે બેઠક યોજશે. તા.૧૦ માર્ચને ગુરુવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ભરૂચ અને નર્મદા જીલ્લાના આગેવાનો સાથે તથા સાંજે ૦૪.૩૦ કલાકે સુરત શહેર જીલ્લાના કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાશે.

સંસ્કૃત નાટક ભાસ વિષયક પરિસંવાદ શામળાજીમાં સંપન્ન

તાજેતરમાં શામળાજીની આર્ટસ કોલેજમાં સંસ્કૃત સાહિત્ય અકાદમીના અનુદાનથી સંસ્કૃત નાટ્યકાર ભાસ વિષયક પરિસંવાદ સંપન્ન થયો હતો. આ પરિસંવાદમાં શતાધિક સંસ્કૃત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ નાટ્યકાર ભાસ વિશેના વિવિધ શોધપત્રોનું વાંચન વિવિધ વિદ્વાનો દ્વારા અત્રે કરવામાં આવેલું. આરંભે કોલેજના પ્રિન્સીપાલ ડૉ. અજય કે. પટેલે સહુનું શાબ્દિક સ્વાગત કરી કોલેજના વધુ ઉત્તમતાના ધોરણો હાંસલ કરવાના પ્રયાસોની ઝલક આપી આ કાર્યક્રમને સુભ કામના પાઠવી હતી. સંસ્કૃત વિભાગના પ્રા. ડૉ. વ્યાસે ભાસ પરિસંવાદની ભૂમિકા બાંધી હતી. અત્રે સંસ્કૃત કવિઓમાં ડૉ. વાસુદેવ પાઠક, ડૉ. હર્ષદેવ માધવ અને શ્રી પીયૂષ ભટ્ટે પોતાના વિષયને વક્તવ્યોમાં ન્યાય આપેલો. તેમજ વિદ્વાનશ્રી ફૂલશંકર શાસ્ત્રી, ડૉ. નરેશ ભટ્ટ અને ડૉ. રાકેશ શાસ્ત્રીએ નાટ્યકાર ભાસની વિશેષતાઓ ખોલી આપી હતી.

મતદારયાદી... ● છેલ્લા પાનાનું ચાલુ

જેમાં ૧૯ હજાર કરતાં વધુ કુલ નોંધાયેલા મતદારો છે જેમાં વોર્ડ નં. ૧, ૩ અને પાંચનો સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૪ અને વોર્ડ નં. ૬માં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૫ હજારથી વધુ છે પણ ૧૬૧૮૦ કરતાં ઓછી છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલા મતદારોની પ્રાથમિક પ્રસિદ્ધિ બાદ હવે સુધારણા ઝુંબેશ પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે. પંચ દ્વારા ૧-૧-૨૦૧૬ની સ્થિતિએ જે મતદાર યાદી હતી તેના આધારે આ પ્રાથમિક પ્રસિદ્ધિ કરી છે. આ મતદાર યાદીમાં ૧૨૪૦ મતદારોના નામ કમી થયા છે, અને તેને કારણે મતદારોની સંખ્યા ૧,૫૦,૨૬૮ થઈ છે તેમ પણ જણાવાયું છે.

ગુજરાતમાં એલર્ટ... ● પહેલા પાનાનું ચાલુ

દરિયા કિનારે એસઆરપીની ટુકડીઓને પણ તેનાત કરવામાં આવી હોવાનું પ્રાથમિક ધોરણે જાણવા મળ્યું છે. કચ્છ જિલ્લાના કોટેશ્વર ક્રિક પાસેથી એક પાકિસ્તાની બોટ બિનવારસી હાલતમાં મળી આવી હતી. જેમાં કેરોસીન અને પેટ્રોલના ડબ્બા પણ હતાં અને ભુજમાં આર્મી કેમ્પમાં જાસૂસી કરી રહેલા એક વ્યક્તિની પણ ધરપકડ કરવામાં આવી છે. મજુરી માટે આવેલા આ વ્યક્તિએ કેમ્પનાં પ્રતિબંધિત વિસ્તારમાં ફોટો પાડતા ઝડપાયો હતો. ત્યારે હવે આઈબીના એલર્ટના પગલે ગુજરાતનાં દરિયાઈ અને જમીન માર્ગે સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે. એવું જાણવા મળ્યું છે કે, કોટેશ્વર નજીક જે બોટ પકડાઈ છે તે મારફતે જ ત્રાસવાદીઓની ઘુસણખોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે. જો કે, પેટ્રોલિંગના કારણે બોટમાં રહેલા શખ્સો ભાગી છુટ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના કચ્છ જિલ્લાના કોટેશ્વર વિસ્તાર નજીક બીએસએફ દ્વારા એક પાકિસ્તાની નૌકાને કબજે કરવામાં આવી છે. આ સંદર્ભમાં બીએસએફ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આજે સવારે પાકિસ્તાની બોટ મળી આવ્યા બાદ આસપાસના વિસ્તારોમાં પણ ઉંડી તપાસ હાથ ધરાઈ હતી. બીએસએફના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાની ટુકડી દ્વારા પેટ્રોલિંગ ટુકડીને નિહાળ્યા બાદ કોટેશ્વર ક્રિક વિસ્તારમાં આ બોટને છોડી દેવામાં આવી હતી. જેને આજે કબજે કરાઈ હતી.

મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

ડૉ. ઈન્દિરા ગોસ્વામી કે નીરજા આના ઉદાહરણો છે. જો કે મિઝોરમ જેવું રાજ્ય તો આખું સ્ત્રીપ્રધાન છે. ત્યા નોકરી, વેપાર ધંધો અને ઘર ચલાવવાની સંપૂર્ણ જવાબદારી સ્ત્રીઓ પર હોય છે. નોર્થ ઈસ્ટના ઘણા રાજ્યો સ્ત્રીપ્રધાન છે. કે જ્યા પરિવારોમાં સ્ત્રીઓનું ચલણ વિશેષરૂપે છે. પુરુષો રસોઈ, કચરા-પોતા જેવું ઘર કામ પણ વિના સંકોચે કરે છે.

ભારતીય સ્ત્રીની મૂક્તતા એ ભારતીય સમાજનું નવું સ્વતંત્ર ઉડ્ડયન છે. આજે લગ્નજીવન તૂટ્યા પછી પણ સ્ત્રી ગૌરવપૂર્ણ જીવન જીવવાની માનસિક તાકાત કેળવી શકી છે. એનું જીવન પુરુષને આધારિત નથી. વિધવા સ્ત્રી પણ આજે બહું ઝડપથી નવું જીવન શરું કરી શકે છે. તો વળી કોઈ સ્ત્રી પોતાના પતિના શોષણ સામે અવાજ પણ ઉઠાવી શકે છે. સરકારના કાયદા પણ સ્ત્રીનું રક્ષણ કરે છે. આમ સરકાર અને સમાજે આજે સ્ત્રીને સર્વ રીતે સુરક્ષિત બનાવી છે.

આપણા જ દેશમાં કેટલાક એવા પણ મંદિરો છે કે જ્યા પરંપરાને કારણે માત્ર સ્ત્રીઓને જ પ્રવેશ મળે છે. રાજસ્થાન, આન્ધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કેરળ, તમિલનાડું. મધ્યપ્રદેશ વગેરે રાજ્યોના ઘણા મંદિરોમાં માત્ર સ્ત્રીઓ જ પ્રવેશ પાત્ર છે અને પુજારીનું કામ સ્ત્રીઓ જ કરે છે. આમ છતાંય આજે ૨૧મી સદીમાં પણ આપણા જ દેશના કેટલાય મંદિરોમાં મહિલાઓને પ્રવેશ નથી અપાતો. જેમાં મહારાષ્ટ્રનું શનિ મંદિર કે જ્યા મહારાજની શિલા ઉપર વર્ષોથી પરંપરા મુજબ પુરુષો જ તેલનો અભિષેક કરી શકે છે ખુબીની વાત એ છે આ મંદિરની મુખ્ય સમિતિના અધ્યક્ષ પણ એક પ્રતિષ્ઠિત મહિલા છે. આ ઉપરાંત દક્ષિણ ભારતના ઘણા મંદિરોમાં સ્ત્રીઓને પ્રવેશ નથી અપાતો. તો વળી મુસ્લિમોની દરગાહમાં પણ પુરુષોની જેમ સ્ત્રીઓ પ્રવેશ કરી શકતી નથી. હિન્દુ ધર્મમાં સ્ત્રીઓ સ્મશાનયાત્રામાં નથી આવી શકતી કે નથી સ્મશાનમાં પ્રવેશ કરી શકતી. ઈસ્લામ ધર્મમાં પણ મહિલાઓની આજે પણ આ જ સ્થિતિ છે. સ્માર્ટ ઈન્ડિયાની અસંખ્ય મુસ્લિમ સ્ત્રીઓ આજે પણ બુરખામાં ફરે છે.

નારી શક્તિ અને સ્ત્રી સશક્તિકરણ સંદર્ભે વિચારવા જેવી બીજી એક હકિકત એ પણ છે કે આ ૨૧મી સદીમાં ય કેટલાંક ધાર્મિક સંપ્રદાયોમાં ધર્મ અને શ્રદ્ધાના નામે સ્ત્રીઓનું શારીરિક શોષણ થાય છે તો વળી આવું ના બને એ માટે કોઈ સંપ્રદાયમાં આજે પણ સ્ત્રીનો ત્યાગ કરવામાં આવે છે. એ સંપ્રદાયના સંતો મહાત્માઓ સ્ત્રીઓથી દૂર રહે છે. આ પરંપરા કે પ્રથા સામે કેમ કોઈ નારીવાદી મહાનુભાવો કે નારી સંગઠનો કે મહિલા આયોગના હોદેદારો કે સ્ત્રી સશક્તિકરણના આગેવાનો જાગતા નથી ? કેમ આ સંતો મહાત્માઓ એમનો દૃષ્ટિકોણ બદલી શકતા નથી ? સ્ત્રીને સ્ત્રી તરીકે જ કેમ જૂએ છે ? સ્ત્રી સૌ પ્રથમ તો 'માતા' છે. બહેન છે, દીકરી છે. એ દૃષ્ટિએ એને કેમ નથી જોવામાં આવતી ? સ્ત્રીઓનો ત્યાગ કેટલે અંશે યોગ્ય છે ? આ બાબતે ગંભીર વિચારણા થવી જોઈએ. જે સાધુ સંતો મનના એટલા નબળા હોય તો એમને 'સાધુપદ'' ના આપવું જોઈએ. અને જે મનથી નિસ્પૃહ છે. વૈદેહી છે. એવા સંતોને દરેક સ્ત્રી માતા, બહેન કે દીકરી જ લાગવી જોઈએ અને એનો સ્વીકારવો જોઈએ. કેમ કે એ મહાન સંતોને જન્મ આપનાર તો સ્ત્રી જ છે. તો આવો - સમાજને સ્ત્રીશોષણમૂક્ત કરીએ, સ્ત્રીઓને યોગ્ય સન્માન આપીએ અને સ્ત્રીઓનું ગૌરવ વધારીએ.

- 9426060601.india@gmail.com

રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થઈ રહી છે પણ અગેન એમાં પણ શહેરી સ્ત્રીઓની સંખ્યા વધુ છે. હજુ આજે પણ ગામડાઓમાં ૩ માંથી ૨ સુવાવડ ઘરે જ થાય છે અને એમાં પણ પ્રસુતિ કરાવનાર ડોક્ટર કે નર્સ લગભગ ૫૦% કેસમાં અશિક્ષિત હોય છે. દર વર્ષે અંદાજે દોઢ કરોડ બાળકીઓ જન્મ લે છે પણ એમાંથી ૩૫% તો ૧૫ વર્ષની થતા થતા જ આ દુનિયા છોડી ચાલી નીકળે છે. સ્ત્રી પુરુષ સમોવડી બની છે એવા ખયાલી પુલાવ પકાવનારાઓને ખબર નહિ હોય કે આજે પણ ટોપ સ્થાનો પર રહેલી મહિલાઓની સંખ્યા માત્ર ૧૦% જ છે. આ તો થઈ ફક્ત વ્યવસાયિક ભેદભાવોની વાત બાકી આનાથી આગળ સામાજિક અત્યાચારો, કૌટુંબિક યાતનાઓ અને ઓનર કિલિંગ કે મુરથલ જેવા બનાવો તો છાસવારે અને ડગલે ને પગલે બની રહ્યા છે. મહિલાઓને સમાનતા અને એમના પુરુષ સરખા વિકાસની વાતો કરતા સમાજે પહેલા તો એવો માહોલ અને એટલો સાથ મહિલાઓને આપતા શીખવું પડશે કે જ્યાં કોઈ જ પ્રકારના વશીય, જાતીય કે આર્થિક ભેદભાવો વગર મહિલાઓ પોતાની આશાઓ અને કાર્યક્ષમતાને સુરક્ષાના મજબુત કવચ નીચે વધુ આગળ લઈ જઈ શકે. વારે વારે સરકારોને દોષ આપવો એ વાતમાં સો ટકા સત્ય છે જ પણ એ પહેલા સમાજે એવી સોચ વિકસાવવી પડે કે જેમાં મહિલાઓ પૂરી સુરક્ષાથી અને પૂરી સ્વતંત્રતાથી પોતાના નિર્ણયો લઈ શકે, જિંદગી જીવી શકે. મહિલાઓ પ્રત્યે વધુ સુરક્ષિત સમાજ નિર્માણ પામી શકે તો વિશ્વ મહિલા દિવસની જરૂર જ નહિ રહે...!!!

- akurjt@gmail.com

કચરામુક્ત... ● પહેલા પાનાનું ચાલુ

જીટીયુના ચાંદખેડા કેમ્પસમાં પાંચમી માર્ચના રોજ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. તેમાં જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. અક્ષય અગ્રવાલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહક વક્તવ્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારતીય હોવાનું આપણને ગૌરવ છે. તમે તમારી જાતને વિશ્વના અન્ય વિદ્યાર્થી કરતા સહેજપણ ઉતરતી કક્ષાના ગણશો નહિ. તમારી જાત પર ભરોસો રાખો, આત્મવિશ્વાસ રાખો. તો તમે સમાજને ઉપયોગી કાર્યો કરી શકશો. નવી ટેકનોલોજી વિશે અભ્યાસ કરતા રહો. આઈપીઆરના નિયામક ડૉ. ધીરજ બોરાએ જણાવ્યું હતું કે કચરાના નિકાલ માટે અમે વિકસાવેલા પ્રોજેક્ટનું અમલીકરણ થાય તે હેતુસર વિવિધ મહાનગરપાલિકા સાથે વિચારવિમર્શ કરવામાં આવી રહ્યો છે. ભારતમાં અત્યારે દરરોજ ૧.૪ લાખ ટન ઘનકચરાનું ઉત્પાદન થાય છે. તેમાં પ્લાસ્ટિક કચરાનું પ્રમાણ આશરે દસથી વીસ ટકા હોય છે. હૉસ્પિટલોમાંથી નીકળતો બાયો – મેડિકલ કચરો સૌથી જોખમી હોય છે. ઘનકચરાના નિકાલ માટે થર્મલ પ્લાઝમા ટેકનોલોજી કચરાના નિકાલ માટે આદર્શ છે. અમે ૩૦૦ બેડની હૉસ્પિટલમાં કલાકે ૧૫ કિલો કચરાનો નિકાલ કરી શકે એવી સિસ્ટમ વિકસાવી છે. એવી એક સિસ્ટમ ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં રાખવામાં આવી છે.